<u>નવી સેવા વર્ષ ૨૦૨૫-૨૬</u>

નવરચિત ૯ મહાનગરપાલિકામાં પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ની નવી જગ્યાની વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/NIE/e-file/23/2025/0089/B1

સચિવાલય,ગાંધીનગર

<u>વંચાણે લીધા:</u>

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-01-2025-UDUHD/COC/e-file/18/2024/6138/P

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-04-2025-UDUHD/COC/e-file/18/2024/6445/P

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-07-2025-UDUHD/COC/e-file/18/2024/5932/P

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-10-2025-UDUHD/COC/e-file/18/2024/6141/P

(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-13-2025-UDUHD/COC/e-file/18/2024/6139/P

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-16-2025-UDUHD/COC/e-file/18/2024/6140/P

(૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-19-2025-UDUHD/COC/e-file/18/2024/5957/P

(૮) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-22-2025-UDUHD/COC/e-file/18/2024/5454/P

(૯) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૫ના જાહેરનામાં ક્રમાંક KV-25-2025-UDUHD/COC/e-file/18/2024/6142/P

(૧૦) આઈસીડીએસ કચેરીનો તા.૦૮/૦૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: ICDS/MKMII/e-file/257/2023/1162/Admin

<u>**આમુખ:**</u>

વંચાણે લીધા (૧) થી (૯) **થી રાજ્યમાં ૦૯ મહાનગરપાલિકા (નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેંદ્રનગર, નડીયાદ અને પોરબંદર)** જાહેર કરવામાં આવેલ છે. વંચાણે લીધાં (૧૦) થી આઇસીડીએસમાં પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ની દરેક નવરચિત **મહાનગરપાલિકા** દીઠ એક (એમ કુલ ૯) જગ્યા ઉભી કરવાની દરખાસ્ત કરેલ છે. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી હેઠળની ઉક્ત ૯ **મહાનગરપાલિકા** ખાતે આઈસીડીએસ અંતર્ગત કરવામાં આવતી પ્રવૃત્તિઓ/કામગીરી/મોનિટરીંગ/સુપરવિઝનને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજ પત્ર માં કરેલ જોગવાઇ અનુસાર પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ની ની **મહાનગરપાલિકા** દીઠ એક એમ કુલ ૯ જગ્યા ઉભી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2025.04.03 11:18:26 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

નીચે મુજબ ઠરાવવામા આવે છે.

**ઠરાવ:**

કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર હેઠળની ૯ **મહાનગર પાલીકા (નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેંદ્રનગર, નડીયાદ અને પોરબંદર)** ખાતે પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ ની પે-મેટ્રીક્સ લેવલ-૧૦ (રૂ.૫૬૧૦૦-૧૭૭૫૦૦, ગ્રેડ પે-૫૪૦૦) પગારધોરણની ૯ (નવ) જગ્યા ઉભી કરવા માટે વર્ષ-૨૦૨૫-૨૬ની રૂ.૧.03 કરોડની નવી બાબતની (૧૦૦% સ્ટેટબર્ડન હેઠળ) નીચેની શરતોને આધિન ખર્ચ કરવા માટે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:**

૧ સદર જગ્યાઓને વહીવટી મંજુરી મળ્યેથી કેડરપોસ્ટ કરવાની અને કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ કરવાની રહેશે.

૨.આ નવી મંજુર કરેલ જગ્યા અંગેનો ખર્ચ નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જે તે નાણાકિય વર્ષમાં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

૩. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૪. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી ૬ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સંબંધિત ખાતા/વિભાગ દ્વારા સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.

૫. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે સંબંધિત વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોકની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૬ આ જગ્યાઓ પર નિમણુંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે,.

૭. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૮. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં કરવાની રહેશે.

૯. જે તે જગ્યાઓના પગારધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

૧૦. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક- નપન/ ૨૦૦૩/ જીઓઆઈ/ ૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૧૧. આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકિય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકિય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૨. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૩. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારીત/આઉટસોર્સથી લેવાની જરૂરીયાતના સંજોગોમાં અચુક નાણા વિભાગ(કરકસર પ્રભાગ) ની પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૪. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા અગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૧૫. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

૧૬. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટ્નો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના અંતે સરેન્ડર કરવાની રહેશે.

૧૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ૩ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ્દ ગણાશે.

૧૮. સદર નવી બાબતનો અમલ આઈસીડીએસ યોજના ચાલુ રહેશે ત્યાં સુધી કરવાનો રહેશે.

૧૯. પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૫ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નંબર :૧૦૬

મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર : ૮૦ જનરલ

ગૌણ સદર : ૦૦૧, દિશાનિર્દેશ અને વહીવટ

પેટા સદર : ૦૭ જિલ્લા અને મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ઝોનલ ઓફિસના પગાર ભથ્થા (૧૦૦% રાજ્ય)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણા સલાહકારાશ્રીના પરામર્શમાં વિભાગના સચિવશ્રીની તા. / /૨૦૨૫ની નોંધ થી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.આર.પ્રજાપતિ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

નકલ રવાના:

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
3. મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી ના અંંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. સચિવશ્રી (ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી (આયોજન) ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
7. કમિશ્નર-વ-સચિવ શ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. કમિશ્નરશ્રી (આઈસીડીએસ),કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
10. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
11. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, નડીયાદ, નવસારી, પોરબંદર, વાપી, મહેસાણા, ગાંધીધામ, મોરબી, સુરેંદ્રનગર અને આણંદ મ્યુનિસિપલ કોર્પોરેશન
12. સર્વે નાયબ નિયામક વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
13. પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર/અમદાવાદ
14. નાણા સલાહકારશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

15. સર્વે પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિ......................
16. શાખા સિલેક્ટ ફાઈલ.